**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૩/૫/૨૦૧૭ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૭૬/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૮૦ લીટર દેશી દારૂ, ૩૫૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૬ બીયરટીન, ૦૧ એક્ટીવા, ૦૧ મોટર સાયકલ, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૭,૫૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૦૭૭/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૦૭૮/૧૭**

**ઓઢવ :** ભરતસિહ પરથીસિંહ વાઘેલા (ઉ.વ.૩૫)(રહે,રાજીવપાર્ક આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૫/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૨૨/૦૫/૧૭ નાં કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીનાની કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- તથા રોકડા રૂપીયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**વસ્ત્રાપુર :** રોલીબેન જોહર (ઉ.વ.૪૩)(રહે,લવકુશ ટાવર ઉદગમ સ્કુલ પાછળ થલતેજ) એ તા.૨૨/૫/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૫/૧૭ સાંજના ૬/૪૫ થી તા.૨૨/૦૫/૧૭ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર માનસી ચાર રસ્તા મીલેનીયમ પ્લાઝા બી-બ્લોક ૪૦૨ માં આવેલ એજ્યુકેર નોલેજ ઈન્સ્ટીટયુટ નામનીપોતાની ઓફીસનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસનાં કાઉન્સીલર રૂમના ડ્રોવરમાંથી રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જેંતિલાલમણિલાલ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૭૯/૧૭</u>**

**સેટેલાઇટ :** ખુશ્બુબેન ડો/ઓ સુરેશભાઈ શેખલીયા (ઉ.વ.૨૩)(રહે,પુજા ફ્લેટ નીહારીકા બંગ્લોઝ પાસે કેશવબાગ સેટેલાઈટ) તા.૨૧/૫/૧૭ રાતનાં ૧૦/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) ખુશ્બુબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ ગુનાની ફરીયાદ ખુશ્બુબેન શેખલીયાએ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

**આનંદનગર :** સુશીલભાઇ જ્ઞાનચંદ શ્રીમાલ (ઉ.વ.૪૧)(રહે,સુગમ એપાર્ટમેન્ટ મધુર હોલના ખાંચામાં આનંદનગર) તા.૨૨/૫/૧૭ નાં કલાક ૦૬/૪૫ વાગ્યાનાં સુમારે પ્રેરણાતિર્થ દેરાસર રોડ રત્નાકર બ્યુમોન્ડ બિલ્ડીંગ આગળ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ સુશીલભાઇનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા૫૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ ગુનાની ફરીયાદ સુશીલભાઇએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.બારડ ચલાવે છે.

**સાબરમતી :** અશોકકુમાર ચતુરજી મકવાણા (ઉ.વ.૩૪)(રહે, સુભાષનગર ખોડિયાર માતાના મંદિર પાસે જુના અચેર સાબરમતી) એ તા.૨૨/૫/૧૭ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૫/૧૭ રાતનાં ૮/૪૫ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન કેનેરા બેંકની આગળ ગલીમાં પંચશીલ હોસ્પીટલ પાસેથી પોતાની પત્ની ભાવનાબેન પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ(૨૦ થી ૨૫ વર્ષનાં આશરાનાં) ભાવનાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૭,૦૦૦/- તેમજ રામબાગ રોડ શીતલકુંજ સોસાયટીના ઝાપા આગળથી સાહેદ ચેતનભાઇ પટેલની પત્ની અમીતાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૩,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ઉદેસિંહ ગુમાનસિંહ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮૦/૧૭</u>**

**વેજલપુર :** મુકુંદભાઇ માધવલાલ પટેલ (ઉ.વ.૬૬)(રહે,વૃંદાવન બંગ્લોઝ એ-૧ સ્કુલની સામે ડિ-માર્ટના ખાંચામાં સેટેલાઈટ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૫/૧૭ સાંજના ૭/૧૫ વાગ્યાનાં સુમારે જુહાપુરા મારબલ બેકરીની સામે રોડ ઉપરથી પોતાની પત્ની જ્યોત્સનાબેન પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અલ્ટો કાર નંબર જીજે-૦૧-આર.યુ.-૪૯૬૫ ના ચાલકે પોતાની કાર પુરઝડપે અને ગફતભરી રીતે ચલાવી લાવી જ્યોત્સનાબેનને ટક્કર મારતાં, તેમનાં માથામાં, ગાલ ઉપર તથા ડાબા હાથે ઇજા પહોંચાડતાં સારવાર અર્થે તેમને મેડીસર્જ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૫/૧૭ રાતનાં ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.પરમાર ચલાવે છે.

**<u>ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુ:</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮૧/૧૭</u>**

**બાપુનગર :** અંશુબેન ડો/ઓ લાલબહાદુર રાજભર (ઉ.વ.૧૬)(રહે,જમનાનગર રામાપીર ના મંદિર પાસે બાપુનગર) તા.૧૮/૫/૧૭ રાતનાં ૧૧/30 વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ધાબા ઉપર થી પડી જતા, શરીરે માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૫/૧૭ સવારનાં ૧૦/૫૫ વાગે તેમનું મૃત્યુનિપજ્યુ હતુ.આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચંદુભાઈ વશરામભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૮૨/૧૭</u>**

**શહેરકોટડા :** કિરીટભાઇ હરીલાલ હરસોરા (ઉ.વ.૫૨)(રહે,મોટી સાળવીવાડ સરસપુર) એ તા.૨૨/૫/૧૭ નાં કલાક ૭/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પૈસાની ઉઘરાણી થી કંટાળી જઇ પોતાના ઘરે છતનાં હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી,આ અંગેની તપાસ હે.કો.શ્રી વાલસિંગ મલાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.